# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૦૬/૦૮/૨૦૨૧, શુક્રવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) - ૨૦૨૧ની પરીક્ષાનું એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફક્ત ઓનલાઈન મૂકવામાં આવશે. જેની ગુજકેટ-૨૦૨૧ ના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૧ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમીશન કાર્ડ (પ્રવેશિકા) બોર્ડની વેબસાઈટ **gujcet.gsebht.in** અથવા **gsebht.in** અથવા **www.gseb.org** પરથી તા.૨૪/૦૭/૨૦૨૧ થી **Download** કરવાનું રહેશે. જેમા ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૧ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી અને જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમીશન કાર્ડ (પ્રવેશિકા) **Search** કરી જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પોતાના ઈન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર નો ઉપયોગ કરી લોગ-ઈન કરીને પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૧ માટેના ઉમેદવારોના એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૧ માટેની એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફક્ત ઓનલાઈન માધ્યમથી મળી રહેશે જે પરીક્ષામાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટીકીટ પર શાળાના આચાર્યશ્રીઓના સહી સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

વધુમાં જણાવવાનું કે વિદ્યાર્થીએ પરીક્ષા દરમ્યાન એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) સાથે કોઈ પણ એક ફોટો આઈ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઈવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ની પરીક્ષાની હોલટીકીટ) સાથે લઈ જવાની રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(જે.જી.પંડ્યા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા -૨૪/૦૭/૨૦૨૧
સ્થળ - ગાંધીનગર.